ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૧૨-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી....

અશ્વમેધનો ઘોડો બાંધ્યો બંધાશે ખરો?

ઝાકિયા જાફરી એમના મશહૂમ ખાવિંદની રૂહને કબરમાં પણ સુકૂન મળે એ માટે દેશભરની અદાલતોમાં ગુહાર લાગવતાં રહ્યાં છે. એમની કમનસીબી એ છે કે જૈફ વયે આટલી દોડાદોડી પછી પણ એમની ફરિયાદમાં કોઈ દમ નથી, એવો ચૂકાદો આપી અદાલતો એમને નિરાશ કરતી રહી છે. જો કે તેમ છતાં એમણે લડત ચાલુ જ રાખી છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ના દિવસે એમની ગેરહાજરીમાં બનેલી એ ગમખ્વાર ઘટનામાં એકલા અહેસાન જાફરી જ નહીં, બીજા પણ ડઝનબંધ ઈન્સાનોની કત્લેઆમ થઈ હતી. એ બધાનો ગુનો ફક્ત એટલો જ હતો કે તેઓ મુસલમાન હતા અનો ગોધરા રેલવે સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસના કોચ નં. એસ-૬ને આગ લગાડનારા પણ મુસલમાન હતા. અહેસાન જાફરી ક્યારેક સંસદમાં અમદાવાદના ચૂંટાયેલા સાંસદ તરીકે બિરાજતા હતા. સ્વ. હિતેન્દ્ર દેસાઈના એ અત્યંત વિશ્વાસુ ટેકેદાર હતા. આવા શાયરદિલ આગેવાનને પણ ગોધરાકાંડના પ્રતિસાદ રૂપે શરૂ થયેલા રમખાણોનો ભોગ બની જવું પડ્યું, તે ગુજરાત જેવા શાંતિપ્રિય મુલકના માથે ક્યારેય ન ભૂંસાય એવી કાળી ટીલી છે. ઝાકિયા જાફરી આ દારુણ હિંસાનો ભોગ બનતાં બચી ગયા કારણ કે તે દિવસે તેઓ એમના ઘરે નહીં હોય. નહીંતર તાંડવ મચાવનારા ટોળા માટે તો સ્ત્રી-પુરુષ જેવો ભેદ રહેતો જ નથી. ગોધરા પછીના બનાવોમાં અનેક સ્ત્રીઓ અને બાળકોની હત્યા થઈ હતી. સરકાર સામે બધા જ લોકો શંકાની નજરે જોતા રહ્યા, ખુદ તત્કાલીન રાજ્યપાલ સુંદરસિંહ ભંડારીએ અવસાન પૂર્વે સરકારની નીયતી સામે શંકા વ્યક્ત કરી હતી તે સર્વવિદિત છે. પરંતુ એથી અદાલત સરકારને ગુનેગાર ગણી શકતી નથી કારણ કે ન્યાયની દેવી તો આંખે પાટા બાંધીને બેઠેલી છે. સજ્જડ પુરાવા વગર સરકારને ગુનેગાર ઠેરવી શકાય નહીં. અહેસાન જાફરીને વારંવારની વિનવણી છતાં રક્ષણ ન આપી શકાયું તે હકીકત હોય તો પણ એના પુરાવા પૂરા પાડવામાં ઝાકિયાના વકીલો નિષ્ફળ નીવડ્યા છે અને રાઘવનની આગેવાની હેઠળ સર્વોચ્ચ અદાલત દ્વારા નીમાયેલી સીબીઆઈની 'સીટ'ના તારણ સાથે અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટ સહમત થઈ છે. ઝાકિયા જાફરીની રીટ ફગાવી દેવાઈ છે. નરેન્દ્ર મોદીએ રમખાણોના સમયગાળામાં જાણી જોઈને આંખમિચામણાં કર્યાં હોય કે સરકારી તંત્ર અને ગુજરાત પોલીસે 'ગુલબર્ગ' સોસાયટી ઉપરાંત અન્યત્ર થયેલ નૃશંસ હત્યાકાંડ ટાણે ફરજ બજાવવામાં કોઈ ઢીલાશ વર્તી હોય એવું નથી તો સીબીઆઈને લાગ્યું કે નથી અદાલત એનો અભિપ્રાય ધરાવતી. હવે નરેન્દ્ર મોદી સામે ગોધરા મુદ્દે થયેલા અને થતા રહેતા આક્ષેપો નલ એન્ડ વોઈડ બની રહે છે. એમને મળેલું આ રક્ષાકવચ વડાપ્રધાનપદ માટેની એમની આગેકૂચ માટે અત્યંત જરૂરી બલકે અનિવાર્ય હતું. નરેન્દ્ર મોદી એમની સામે આવતી આફતોને ઓળંગીને આગળ વધતા રહ્યા છે. અશ્વમેધનો ઘોડો દિગ્વિજય કરવા નીકળી પડયો છે. એ કોઈથી બાંધ્યો બંધાશે ખરો, તે પ્રશ્ન છે. નરેન્દ્ર મોદી સામે ગોધરા મુદ્દે ક્લીનચીટ આપતો અદાલતી ચુકાદો આવ્યો તેના થોડાક જ કલાક અગાઉ 'સાહેબ'ના ઈશારે કચ્છની આર્કિટેક્ટ યુવતીની જાસૂસીનો રેલો ગુજરાત બહાર પણ પહોંચતો હોવાના બહાના હેઠળ કેન્દ્ર સરકાર તપાસ પંચ રચવા તૈયાર થઈ છે. ગુજરાત સરકારે પોતે પણ જસ્ટિસ સુજા ભટ્ટના વડપણ હેઠળ જાસૂસી પ્રકરણની તપાસ માટેનું એક પંચ નીમી દીધું હોવા છતાં કેન્દ્ર સરકારે વધુ એક તપાસ પંચ સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિના વડપણ હેઠળ નીમી ત્રણ મહિનામાં એનો રિપોર્ટ આપવાનું સૂચન કરેલ છે. બરાબર લોકસભાની ચૂંટણીના દિવસોમાં જ આ બેઉ તપાસપંચો કદાચ પરસ્પર વિરોધી એવાં તારણ આપશે. પરંતુ એથી શું અશ્વમેધનો ઘોડો બાંધ્યો બંધાશે ખરો? એ તો હણહણતો આગળને આગળ ધસી રહ્યો છે. જો કે છેલ્લે, યજ્ઞની પૂર્ણાહુતિ વખતે એ ઘોડાને જ આખેઆખો હવિ સ્વરૂપે હોમી દેવાય એમ પણ બને. ભાજપ માટે મોદી અશ્વમેધ યજ્ઞનો દિગ્વિજયી ઘોડો સાબિત થાય એમ બને પણ ખરું, પરંતુ ઘોડો ગાદી ઉપર થોડો બેસે છે!

કુડાસણ ખાતે સ્કૂલ ઓફ એચિવરનો ચોથો સ્પોર્ટસ ડે ઉજવાયો

કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવર દ્વારા તા. ૨૭મી ડીસેમ્બરે ચોથો 'સ્પોર્ટસ ડે' ઉજવાયો હતો. જેમાં શાળામાં ભણતા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા ધો-૧ થી ૮ના વિદ્યાર્થી રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પોર્ટસ ડેની ઉજવણીની શરુઆત અચિવર્સ ધ્વજને લહેરાવી મશાલ જયોત પ્રગટાવવા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ખેલાડીઓને રમત સ્પર્ધાઓ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા અને માર્ચ પાસ્ટની સલામી આપવામાં આવી હતી. એરોબિકસ નૃત્યો સાથેની કસરતો અને પિરામીડ બનાવવા જેવી વિવિધ કરતબો અને પ્રખ્યાત ગીતોની ધૂન પર ખેલકૂદ-ડાન્સ જેવા રંગારંગ કાર્યક્રમથી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. દોડ, ફૂદકો, ગોળાફેંક, બેડમિન્ટન, રસ્સા ખેંચ, ફૂટબોલ, ક્રિકેટ, વોલીબોલ, સ્કેટિંગ, લોનટેનિસ, ટેબલટેનિસ જેવી પરંપરાગત રમતો ઉપરાંત ફાઈન્ડીંગ ધ સેમ શેપ, ફીલીંગ ઓફ પાઉચ, વેરીંગ ઓફ ધ સ્વેટર એન્ડ કેપ, મેમરી ગેમ અને ટ્રાફિક કેપ જેવી નવી રમતો સાથે કુલ ૨૧ રમતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. ભાગ લેનાર ખેલાડીઓને પ્રમાણપત્રો ઉપરાંત વિજેતાઓને વિવિધ મેડલો દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

હરિની દૃષ્ટિ...

મમ્મા, મમ્મા, કોમ્પ્યુટર બગડી ગયું... મેં મારા ૨૧૬૫ .૨૬૫ ફ્રેન્ડ ગુમાવી દીધા.

પ્રાથમિક શાળામાં ગરમ સ્વેટરનું વિતરણ

ગાંધીનગર, તા.૨૭

જાણીતી સ્વૈચ્છીક સંસ્થા, મેકીંગ એ ડીફરન્સ સંસ્થા દ્વારા ડભોડા પાસે આવેલ ઓતાજીના છાપરા ખાતે આવેલ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને હાડ થીજાવતી ઠંડીમાં રક્ષણ મળી રહે તેવા હેતુથી ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેને શાળા પરિવાર અને ગ્રામજનોએ બિરદાવ્યું હતું.

વિદ્યાર્થીઓ ૧૦મી જાન્યુઆરી સુધી પ્રવેશ ફોર્મ મેળવી શકશે

અમદાવાદ, તા.૨૭

ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં લેવાનાર પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે બેચરલ ઓફ આર્ટસ અને બેચરલ ઓફ કોમર્સની એક્સટર્નલ પરીક્ષા માટેના ફોર્મ વહેંચવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ કન્ઝયુમર્સ સ્ટોરમાંથી ૧૦મી જાન્યુઆરી સુધી પ્રવેશ ફોર્મ મેળવી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીની સેમેસ્ટર પરીક્ષાઓ પૂર્ણ થઈ ચુકી છે ત્યારે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા હવે આગામી માર્ચ એપ્રિલ-૨૦૧૪માં લેવાનારી પરીક્ષા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે જેના ભાગરૂપે એફવાયબીએ, એસવાયબીએ, ટીવાયબીએ, એફવાયબીકોમ, એસવાયબીકોમ, ટીવાયબીકોમની પરીક્ષા એક્સટર્નલ આપવા માંગતા વિદ્યાર્થીઓ માટે ફોર્મ વહેંચવાની શરૂઆત પરીક્ષા વિભાગ દ્વારા તરી દેવામાં આવી છે. આ ઉપરાંત એમએ પાર્ટ-૧-૨ અને એમકોમ પાર્ટ-૧-૨ની એક્સટર્નલ પરીક્ષા ફોર્મ પણ વહેંચવાની શરૂઆત થઈ ચુકી છે. વિદ્યાર્થીઓ આગામી ૧૦મી જાન્યુઆરી સુધી ગુજરાત યુનિવર્સિટીના કન્ઝયુમર્સ સ્ટોરમાંથી નિયત ફી જમા કરાવી પરીક્ષાનું પ્રવેશ ફોર્મ મેળવી શકશે. બીજી તરફ સુત્રોદ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ એક્સટર્નલ પરીક્ષાના ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા ૬ઠ્ઠીથી ૨૦મી જાન્યુઆરી દરમિયાન યોજાશે. આ પરીક્ષા માટેનો એક્સટર્નલ કોર્સ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત એક્સટર્નલ પરીક્ષા માટેની નિયત ફી, વિગતવાર કોર્સ, પરીક્ષાનું સમયપત્રક વગેરેની માહિતી તેમજ પરીક્ષા સંબંધીત સુચનાઓ પણ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવી ચે. વધુમાં એક્સટર્નલ પરીક્ષા ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓની હોલ ટીકીટ વેબસાઈટ ઉપર મુકવા ઉપરાંત વિદ્યાર્થીઓએ ફોર્મમાં દર્શાવેલ સરનામે પોસ્ટ દ્વારા મોકલવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

એમ.બી. પટેલ કન્યા શાળામાં પૂ. દાસકાકા સ્મૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

કડી સંકુલમાં આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પૂજય દાસકાકા સ્મૃતિ રમતોત્સવ અને બાલોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

શહેરમાં સે-૨૩ ખાતે આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં દાસકાકા સ્મૃતિ રમતોત્સવ અને બાલોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં દોડ, લંગડી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, સ્લો સાયકલ, રંગોલી, ચિત્ર સ્પર્ધાઓમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રમતોત્સવમાં ગુજરાતી અને ઈંગ્લીશ મિડીયમ શાળાના આચાર્યા નિરૂબેન અને સંતોકબેને બાલોત્સવ ખુલ્લો મુકયો હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ વીરબાળા તરીકે ઈનલકુંવરબા સોલંકી, પ્રિન્સી પટેલ તેમજ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આજે 'દીકરી તણું ડૂસકું' લોકડાયરો

ગાંધીનગર, તા.૨૭

શ્રી રામભરોસે મિત્ર મંડળ દ્વારા 'દીકરી તણું ડૂસકું' લોકડાયરો તા. ૨૮ ડિસેમ્બર શનિવાર રાત્રે ૮-૦૦ કલાકે સંત શ્રી રોહિતદાસ મંદિર સામે સેકટર-૬ ખાતે યોજવામાં આવશે.

ગાંધીનગરની કમનસીબ દીકરીના પગ રેલવે અકસ્માતમાં કપાઈ જતા દીકરીને મદદરૂપ થવા માટે રામ ભરોસે મિત્ર મંડળ દ્વારા ચેરીટી લોકડાયરો યોજવામાં આવશે. ડાયરામાં દીકરીને દાનની સરવાણીમાં સૂરવાણી પુરવા નામાંકિત કલાકારો પ્રફુલ દવે, રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ) પ્રભાત સોલંકી, સુરેખાબા સહિત લોક ગાયકો ઉપસ્થિત રહેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ અને કર્ણાવતી સ્કૂલ ઑફ ડેન્ટિસ્ટરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ડેન્ટલ અવેરનેસ સેમિનાર અને ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં ડૉ. મનીષ શાહ, ડૉ. મહેન્દ્ર પટેલ, ડૉ. સમીર સાવલિયા, ડૉ. સાગર બુંટાકીયા તેમજ ડૉ. પૂજાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને દાંતની સારસંભાર વિશે વિસ્તારથી માહિતી આપી હતી. કર્ણાવતી ડેન્ટલ કોલેજની ડૉકટર ટીમ દ્વારા કોલેજના ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડેન્ટલ ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના ડાયરેકટર ડૉ. એન.એન. જાનીના માર્ગદર્શનથી યોજાયું હતું. જૈમિની કુલકર્ણી, મેઘા ભટ્ટ, રીચા મહેતા, રીમા સેતલ, બીજલ પરમાર, અલ્પા જાની વગેરેએ કાર્યક્રમને સફળ સંચાલન કર્યું હતું.

ગાંધીજીના જીવનની ઝાંખી કરાવતો કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨૭

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેકટર-૭ ખાતે આજ રોજ 'ગાંધી જીવન ઝાંખી દર્શન' વિશે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

કન્યા વિદ્યાલય ખાતે આચાર્યા સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ અને ગાંધી મિત્ર વર્તુળ સંસ્થા દ્વારા ગાંધીજીના જીવનની ઝાંખી કરાવતો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને ગાંધીજીના જીવનના પ્રસંગો વર્ણવામાં આવ્યા હતા. પોતાના જીવનમાં બાપુના સિધ્ધાંતો સાથે જીવન જીવવા જણાવ્યું હતું. આ પ્રસંગે સંક્ષિપ્ત આત્મકથા પુસ્તક વિદ્યાર્થીનીઓને ભેટ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતાં.

સુગમ સંગીતના અજોડ ગાયક સ્વ. શ્રી મુનિકુમાર દેસાઇ

સાઇઠ વર્ષથી સુગમ સંગીત ક્ષેત્રે ગાંધીનગરના સ્વરકાર શ્રી મુનિકુમાર દેસાઇનું ૨૫મીએ નાતાલના પવિત્ર દિવસે અવસાન થતાં સંગીતક્ષેત્રે ભારે ખોટ સર્જાઇ છે

સ્વ શ્રી. મુનિકુમારે પ્રથમથી જ રાજકોટ, મુંબઇ, અમદાવાદ અને ગાંધીનગરમાં સચિવાલય સેવાઓ આપી, સ્થળ બદલવાથી જયાં તેઓ ગયા ત્યાં, ત્યાંના રેડિયો સ્ટેશનમાં એ-વન ગ્રેડના સુગમ સંગીતના કલાકાર રહ્યા. ૨ થી ૩ મહિને ગીતો ૬ ગીતો ત્યાં રેકોર્ડ કરાવતા અને રેડિયોમાં તે અનેકવાર પ્રસારિત થતાં. જે રેડિયો સ્ટેશનના વિસ્તારમાં જવાનું થાય અને તે વિસ્તારમાં રેકોર્ડિંગ માટે આમંત્રણ મળતું આ રીતે મુંબઇ, રાજકોટ અને ભુજના રેડિયો સ્ટેશનમાં ગીતો આપ્યાં.

વર્ષો પહેલાં જયારે રેડિયો સિલોનમાં હિન્દી કાર્યક્રમો આવતા તેમાં પણ સ્વ. દેસાઇનાં હિન્દી ભક્તિ આવતા. 'કોલંબીયા' રેકોર્ડ કંપની જયારે લાખની રેકોર્ડ બનાવતી ત્યારે તે કંપની તરફથી ૨ ગીતોની રેકોર્ડ બહાર પાડવામાં આવી હતી. તે ભક્તિ ગીતો રેડિયો સિલોન પર અવાર-નવાર પ્રસારિત થયા.



સ્વ. શ્રી મુનિકુમાર પાસે સુગમ સંગીતનો અને ભક્તિગીતોનો એટલો સંગ્રહ હતો કે તે ક્યારેય ગીત રીપીટ ન કરતા. સાવ અંતરંગ સભ્યોની વચ્ચે બેસીને ક્યારે જૂના હિન્દી ફિલ્મોનાં અને તેમાંય સ્વ. મુકેશનાં દર્દીલા ગીતો તેની પ્રથમ પ્રસંદગી હતા. તેમના અવાજની મધુરતા અને ખુલ્લાપણાંને કારણે ગીતોના શબ્દો સ્પષ્ટ રીતે સાંભળી શકતા. જાહેરમાં સંગીતના કાર્યક્રમો આપતા નહીં છતાં "શિવરજની"માં શ્રીમતી સરોજબેન ગુંદાણી સાથે તેમણે કાર્યક્રમ આપ્યો હતો. સેક્ટર-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલનું મકાન બન્યું ત્યારે ત્યાં શુભેચ્છકો અને દર્દીઓ લાભાર્થે ૨ થી ૩ કલાકનો ગીતો-ભજનોનો કાર્યક્રમ સ્વેચ્છાએ આપ્યો હતો. કાર્યક્રમ પોતાના ઉત્સાહ અને ઉલ્લાસથી રજૂ કર્યો હતો. જેને પણ મુનિકુમારે યાદગાર બનાવ્યો હતો. તેઓ મન મુકીને લાગણીનો માણસ હતો. પોતાની સાઇકલ પણ એવી તો સ્વચ્છ રાખતા કે જયારે જુઓ ત્યારે નવી જ લાગતી. સાઇકલનાં પાછલાં પૈડામાં ડાયનેમો રાખતા જેથી રાત્રે પણ સાઇકલમાં લાઇટ રહેતી. સાઇકલનો ડાયનેમો પણ હવે ઇતિહાસ થઇ ગયો છે. સ્વચ્છ કપડાં અને સ્વચ્છ સ્વર વાળા મુનિકુમારે હવે જોવા નહીં કે સાંભળવા નહીં મળે. તે હંમેશા જાણીતા કે અજાણ્યા ગીતો પોતાની જ સ્વર રચનામાં તૈયાર કરતાં. તેમનું રાગનું જ્ઞાન અગાધ હતું. ગીતોના શબ્દો, અને તેનો ભાવને જોતાં ક્યો રાગ સુંદર લાગશે. તે નક્કી કરીને જ ગીત કંપોઝ કરતા જેને કારણે ગીતને ચાર ચાંદ લાગી જતા.

- રામમંદિરે તારી રામ મઢી...
- એકવાર હું ને મીરા...
- આ કેવી તારી પ્રિત...
- પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા...
- સાવ અમસ્તું નાહક નાહક...
- તારા રે સથવારો હરિનામનો....

... વિગેરે ગીતો આજે પણ ગુજ્યા કરશે. રાગના આલાપમાં તેમની અદ્‌ભૂત ફકડ હતી. કોઇ પણ રાગનો શુદ્ધ આલાપ સુંદર રીતે જ છેડતા, સેક્ટર-૨૨ માં પંચદેવ મંદિરમાં અને સેક્ટર-૨૩માં મહર્ષિ અરવિંદ કેન્દ્રમાં સંગીતના ક્લાસ પણ ચલાવતા. આવા શાણા, ખુલ્લા દિલના અને સ્વાન્ત સુખાય કલાકાર સ્વ. શ્રી મુનિકુમાર દેસાઇ ૮૭ વર્ષે આપણી વચ્ચેથી વિદાય થઇ ગયા.

- ડો. ભાલચંદ્ર હ. હાથી

'રમશે ગુજરાત જીતશે ગુજરાત' સુત્ર સાથે ખેલ મહાકુંભ રાજયમાં યોજવામાં આવ્યો હતો. જેમાં સી.આર.સી. કો ઓર્ડીનેટર સે-૧૬ની સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ભાવના દશરથસિંહ સિસોદિયાએ કુસ્તી સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી સુવર્ણચંદ્રક અને રૂ. ૧૦,૦૦૦ ઈનામ મેળવી સ્કુલ અને શહેરનું ગૌરવ વધારેલ છે.

વ્યસન એક દુષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ આણંદ સંચાલિત વી.જે. પટેલ પ્રેક્ટિસિંગ હાઈસ્કુલ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૭મા અધિવેશન અંતર્ગત વ્યસનમુકિત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને વ્યસનની બદીથી દુર રહેવા અને તેનાથી થતી બિમારીઓ વિશે સમજ આપવામાં આવી હતી. વ્યસનમુકિત કાર્યક્રમ ગુલાબ એન. પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ઓમલેન્ડ સ્કુલના વિદ્યાર્થીઓ જમ્મુ કશ્મીર ખાતે કરાટે સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૭

ઓમ એજયુકેશન ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કુલ ચિલોડાના વિદ્યાર્થીઓ કરાટે સ્પર્ધામાં વિજેતા બન્યા.

અમદાવાદ ખાતે ગુજરાત સ્ટેટ ઈન્ટરસ્કુલ કરાટે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ચિલોડા ખાતે આવેલી ઓમ લેન્ડ માર્ક સ્કુલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કરાટે સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ અપેક્ષા પ્રજાપતિ, રુત્ફા દેસાઈ, તીર્થ પટેલ, સૃષ્ટિ પટેલ, પરાગ શર્મા, જીગર ખરાડી અને પ્રથમ મકવાણા પ્રથમ સ્થાને ક્રિષ્ના ચૌધરી, માનસી ગોસ્વામી, મીત પટેલ, જય પટેલ દ્વિતીય સ્થાને અને તનુ ચૌધરી, કરીના લાલવાણીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓ જમ્મુ કશ્મીર ખાતે નેશનલ સ્પર્ધામાં ભાગ લેશે.